શુક્રવાર, 12 ડિસેમ્બર, 2025 માગશર વદ આઠમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## ગુજરાત પોલીસ ભરતીમાં ૧૩,૫૯૧ જગ્યાઓ: શારીરિક પરીક્ષાની તારીખ જાહેર, લાખો યુવાનોને રાહત

જરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) દ્વારા પોલીસ સબ-ઇન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક (LRD) કેડરની કુલ ૧૩,૫૯૧ ખાલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા ચાલી રહી છે, જેના પર લાખો ઉમેદવારોની નજર ટકેલી છે. બોર્ડ દ્વારા આ ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા અંગે એક મહત્વપૂર્ણ અપડેટ જાહેર કરવામાં આવ્યું છે. ભરતી બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે PSI અને LRD કેડર બંને માટેની શારીરિક કસોટી (PET/PST) સંભવિત રીતે જાન્યુઆરી-૨૦૨૬ના ત્રીજા સપ્તાહથી શરૂ કરવામાં આવશે. બોર્ડે સોશિયલ મીડિયા પર જાહેરાત કરીને યુવાનોને મોટી રાહત આપી છે. આ ભરતી માટેની ઓનલાઈન અરજી આગામી ૩ ડિસેમ્બર, ૨૦૨૫થી ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી કરી શકાશે. લાયકાતની વાત કરીએ તો, PSIની ૮૫૮ જગ્યાઓ (બિન હથિયારી PSI, હથિયારી PSI, અને જેલર ગ્રુપ-૨) માટે સ્નાતક (ગ્રેજ્યુએશન) હોવું જરૂરી છે. જ્યારે LRDની ૧૨,૭૩૩ જગ્યાઓ (બિન હથિયારી કોન્સ્ટેબલ, હથિયારી કોન્સ્ટેબલ, SRPF, અને જેલ સિપોઇ) માટે ધો.૧૨ પાસ ઉમેદવારો અરજી કરી શકશે. ભરતી બોર્ડ દ્વારા શારીરિક કસોટી સંબંધિત તારીખો, સ્થળ તથા અન્ય માર્ગદર્શિકા અંગેની વિગતવાર સૂચનાઓ ટૂંક સમયમાં અધિકૃત વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે. ઉમેદવારોને નિયમિત તૈયારી સાથે વેબસાઇટ પરના અપડેટ્સ સતત ચેક કરતા રહેવા સલાહ આપવામાં આવે છે.

**ગુજરાત PSI-LRD ભરતી: ૧૩,૫૯૧ જગ્યાઓ માટે શારીરિક કસોટીની તારીખ**



## કાંકરિયા કાર્નિવલ ૨૫મીથી શરૂ

અમદાવાદનો પ્રખ્યાત કાંકરિયા કાર્નિવલ ૨૦૨૫ આગામી ૨૫મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી યોજાશે. AMC દ્વારા આયોજિત આ સાત દિવસીય કાર્નિવલમાં આ વખતે ડ્રોન શો, પેટ ફેશન શો, લાઇટ એન્ડ સાઉન્ડ શો અને દુબઈનો પાયરો શો (આગ સાથે ડાન્સ) મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે. કલાકારોની વાત કરીએ તો, ૨૫ ડિસેમ્બરે કિર્તીદાન ગઢવી અને પ્રિયંકા બાસુ, ૨૮ ડિસેમ્બરે ગીતાબેન રબારી, અને ૩૦ ડિસેમ્બરે બ્રિજદાન ગઢવી સંગીત પીરસશે. ૨૯ ડિસેમ્બરે મનન દેસાઈ સહિતના કલાકારોનો સ્ટેન્ડ અપ કોમેડી 'લવારી' શો યોજાશે, જ્યારે ૩૧ ડિસેમ્બરે ઇશાની દવે પર્ફોર્મન્સ આપશે. કાર્નિવલમાં લોકોને વહેલી સવારે ૪ વાગ્યાથી રાત્રિના ૧૦ વાગ્યા સુધી ફ્રીમાં એન્ટ્રી મળશે.

## વડોદરામાં 1.79 કરોડની સાયબર છેતરપિંડીનો ભંડાફોડ

વડોદરા શહેરમાં ઓનલાઈન ટ્રેડિંગ અને IPO રોકાણના નામે કામગીરી કરતી સાયબર ફ્રોડ ટોળકીનો ભંડાફોડ થયો છે. ફરિયાદીને બનાવટી WhatsApp ગ્રુપ, ખોટી વેબસાઇટ્સ અને SBI સિક્યોરિટીઝ તથા નિવામા વેલ્થના નકલી દસ્તાવેજો બતાવી વિશ્વાસમાં લઈ કુલ રૂ.1.79 કરોડની છેતરપિંડી કરાઈ હતી. વિશ્વાસ વધારવા માટે થોડો પ્રોફિટ પરત મોકલવામાં આવ્યો, પરંતુ મોટો નફો ઉપાડતા જ વેબસાઇટ બંધ થઈ ગઈ. ટેક્નિકલ તપાસ બાદ મુખ્ય આરોપી મયુરકુમાર રબારીને ખેડાના માતરથી ઝડપી લેવાયો. તેના મ્યુઅલ એકાઉન્ટ્સ મારફતે 1.82 કરોડથી વધુની હેરાફેરી થઈ હોવાનું સામે આવ્યું છે અને દેશભરના 26 રાજ્યોમાંથી ફરિયાદો નોંધાઈ છે. વધુ આરોપીઓ માટે તપાસ ચાલુ છે.

## ચેનપુરમાં મંદિર–બુલેટ ટ્રેન જમીન વિવાદ સમાધાને પહોંચ્યો



ચેનપુર વિસ્તારમાં પીપળેશ્વર મહાદેવ અને શનિદેવ મંદિરની જમીન તથા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેની જગ્યા વચ્ચે વિવાદ સર્જાયો હતો. સ્થાનિકોએ રામધૂન કરી વિરોધ નોંધાવતા પ્રોજેક્ટ કામ અટક્યું. બાદમાં ચર્ચા થઈ અને સમાધાનરૂપે રેલવે વિભાગે માત્ર માપણી મુજબની જરૂરી જમીન લેવાની સહમતિ આપી, જ્યારે મંદિર તરફનો માર્ગ યથાવત્ રાખવામાં આવ્યો. વિવાદ બાદ માપણી પ્રક્રિયા શરૂ થઈ.

## વડોદરામાં ટ્રેનમાંથી 18 બાળકોનું રેસ્ક્યૂ, તસ્કરીની તપાસ

વડોદરા સ્ટેશન પર મુંબઈ સ્પેશિયલ ટ્રેનમાંથી બિહારના કટિયાથી આવેલા 18 બાળકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા, જેમાંથી 11 સગીર છે. ચાઇલ્ડ વેલ્ફેર સંસ્થાની બાતમી બાદ ટીમોએ બાળકોને સુરક્ષિત સ્થાને લાવી પૂછપરછ શરૂ કરી. નાબાલિકો એકલા લાંબી મુસાફરી પર હતાં, તે કારણે બાળક તસ્કરીની શક્યતા અંગે ગંભીર તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક પૂછપરછમાં બાળકોનું કહેવું છે કે તેઓ સુરતમાં રહેતા સગાવાળાઓએ બોલાવ્યા હતા અને તેઓ જાતે જ ટ્રેનમાં બેઠા હતા. કોઈ અજાણ્યા વ્યક્તિએ મોકલ્યા હોવાનો ઇનકાર કર્યો છે. હજુ બધા પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે અને પરિસ્થિતિ અનુસાર આગળના પગલાં નક્કી થશે.

## વડોદરાના બિસ્માર રસ્તા મુદ્દે આક્ષેપો, કામોમાં ગંભીર વિલંબ

વડોદરા શહેરના બિસ્માર રસ્તાઓથી ત્રસ્ત નાગરિકોની મુશ્કેલીઓ વચ્ચે મ્યુનિ. કાઉન્સિલર અમી રાવતે મેયર પીન્કીબેન સોનીને એક સણસણતો પત્ર લખીને સત્તાધારી પક્ષના વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. રાવતે પત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, શહેરના ૩૨ જેટલા અગત્યના રોડના કામોને સ્ટેન્ડિંગ કમિટીના એપ્રુવલ પછી વર્કઓર્ડર અપાઈ ચૂક્યા છે, પરંતુ છેલ્લા બે મહિનાથી માત્ર ભાજપના નેતાઓના 'ખાતમુહૂર્ત'ના અભાવે આ કામો શરૂ થઈ શક્યા નથી. રાવતનો સીધો આક્ષેપ છે કે, પ્રજાના કામોની અવગણના થઈ રહી છે, કારણ કે ભાજપના નેતાઓને ઉદ્ઘાટન માટે સમય નથી. તેમણે જણાવ્યું કે નેતાઓ પાર્ટીના કાર્યક્રમો, ડાયરા, ગરબા અને 'એકતાયાત્રા'ના નાચગાનમાં વ્યસ્ત છે, જેના કારણે પ્રજાકીય કામોની તકલીફની તેમને પડી નથી. આ વિલંબને કારણે નાગરિકો ચોમાસા પછી અને ડ્રેનેજના કામોથી બિસ્માર થયેલા રસ્તાઓથી ખૂબ હાલાકી ભોગવી રહ્યા છે.

તેમણે ગંભીરતાથી સવાલ ઉઠાવ્યો કે, ખાતમુહૂર્તના અભાવે કામોમાં બબ્બે, ત્રણ-ત્રણ મહિનાનો વિલંબ થાય, તે કેટલું યોગ્ય છે? ખાસ કરીને, જ્યારે ગમે ત્યારે ચૂંટણીની આચાર સંહિતા લાગી શકે તેવી પરિસ્થિતિ હોય અને ક્લાઈમેટ ચેન્જના કારણે માવઠાનો ભય હોય. આ રોડ-રસ્તાના કામો કરવાનો કિંમતી સમય વ્યર્થ કરવો યોગ્ય નથી. અમી રાવતે આ વિલંબ પાછળ ભ્રષ્ટાચારની ગંધ સૂંઘી છે. તેમણે શંકા વ્યક્ત કરી કે, શું આ આડકતરી રીતે ઇજારદારોને લાભ કરાવવા માટેનું કાવતરું છે? કામ મોડું શરૂ કરીને ચોમાસાનો બ્રેક, એક્સટેન્શન અને પ્રોવિઝનના બહાને ભાવ વધારો લેવાની છટકબારી પૂરી પાડવા માટે આ કામો જાણી જોઈને મોડા કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ તેમણે કર્યો. રાવતે માંગણી કરી છે કે, આ રસ્તાના કામો તાત્કાલિક શરૂ કરાવો, અન્યથા નાગરિકો સાથે મળીને ખાતમુહૂર્ત કરી દેવામાં આવશે.

## બગસરા: મંત્રીના સ્વાગતમાં એમ્બ્યુલન્સના ઉપયોગ પર વિવાદ


બગસરા ખાતે આગામી તા. ૧૨ ડિસેમ્બરના રોજ રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરિયાના અભિવાદન અને ખાતમુહૂર્તના કાર્યક્રમને લઈને મોટો વિવાદ સર્જાયો છે. વિરોધપક્ષના નેતા જમાલભાઈએ આ કાર્યક્રમમાં બગસરા સેવા સદન દ્વારા જનતાના ટેક્સના પૈસે ધામધૂમપૂર્વક સ્વાગત કરીને નાણાંનો ધુમાડો કરવામાં આવતો હોવા અંગે સખત નારાજગી વ્યક્ત કરી છે.

તેમણે ગંભીર આક્ષેપ કર્યો કે જ્યારે લોકોને સ્ટ્રીટ લાઇટ બંધ હોવા જેવી નાની સમસ્યાઓ હોય ત્યારે પણ સેવા સદનના અધિકારીઓ પાસે તેના નિરાકરણની ફુરસદ હોતી નથી, પરંતુ મંત્રીના સ્વાગત માટે તમામ વિભાગના કર્મચારીઓને કામે લગાડી દેવામાં આવ્યા છે. આથીયે વધુ કમનસીબી એ છે કે આ સ્વાગત કાર્યક્રમમાં એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિપક્ષી નેતાએ સવાલ ઉઠાવ્યો છે કે જો આ સમયે કોઈ વ્યક્તિને ઈમરજન્સી સેવા માટે એમ્બ્યુલન્સની જરૂર પડે તો તેવા કુટુંબની હાલત કેવી થાય? તેમણે આ જાડી ચામડીના અધિકારીઓ અને સત્તાધીશ પદાધિકારીઓને ગંભીરતા સમજવા અપીલ કરી છે.

**રિપોર્ટ:આશિષ વસાવડા બીલખા**




## દેણા ગામના ખેતરમાં ઘુસેલો 8 ફૂટનો મગર રેસ્ક્યુ



વડોદરા નજીક દેણા ગામમાં ખેતરમાં 8 ફૂટનો મગર દેખાતા હડકંપ મચ્યો. વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટની ટીમે પાણીની અંદર છુપાયેલા મગરને એક કલાકના પ્રયાસ બાદ સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી વનવિભાગને સોંપ્યો. મગરનો વિશ્વામિત્રી નદી વિસ્તાર સહિત જિલ્લામાં વધતો વાસ સ્થાનિકોમાં ચિંતા ઊભી કરી રહ્યો છે. મગર શેડ્યૂલ-1નું સંરક્ષિત પ્રાણી હોવાથી તેને સુરક્ષિત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવામાં આવી.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## મેટોડા GIDCમાં ગેટ-૨ પાસે બિનવારસી સ્વિફ્ટ કારમાં આગ

રાજકોટ પાસે આવેલી મેટોડા જીઆઇડીસીના ગેટ નંબર ૨ નજીક યુ ફ્રેશ રોડ પર, અદાણી કારખાનાની બાજુમાં લાંબા સમયથી પાર્ક કરેલી સફેદ કલરની સ્વિફ્ટ કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આગના કારણે વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. ત્યાંથી પસાર થતા એક જાગૃત નાગરિકે તુરંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે સમયસર ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. કાર બિનવારસી હાલતમાં હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



## હર્ષ સંઘવીએ રાજકોટ RTO, ટ્રાફિક, સોસાયટી મુદ્દે બેઠક કરી

રાજકોટ મહાનગરના મહત્વના પ્રશ્નો અંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તાજેતરમાં ગાંધીનગર ખાતે જિલ્લાના ટોચના ત્રણ અધિકારીઓ – કલેક્ટર ઓમપ્રકાશ, પો.કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અને મ્યુનિ. કમિશ્નર તુષાર સુમેરા સાથે ચર્ચા કરી હતી. આ બેઠકમાં રાજકોટ-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડે મહાનગરના પોતાના મતવિસ્તારના તેમજ શહેરના અન્ય મહત્વના પ્રશ્નો મુક્યા હતા, જેનો ગૃહમંત્રીએ રીવ્યુ કર્યો હતો.

ચર્ચામાં સૌથી મોખરે નવી આરટીઓ કચેરીનો મુદ્દો રહ્યો હતો. જુના માર્કેટીંગ યાર્ડ પાસે નવી અને સુવિધાસભર આરટીઓ કચેરીનું બિલ્ડીંગ તૈયાર હોવા છતાં તેનું ઉદ્ઘાટન ન થતા તે વહેલાસર શરૂ થાય તે અનિવાર્ય છે. ધારાસભ્યએ આ મુદ્દો ભારપૂર્વક રજૂ કરતાં ગૃહમંત્રીએ કમિશનરો પાસેથી તેની વિગતો મેળવી હતી. આ ઉપરાંત, રાજકોટના વધી રહેલા ટ્રાફિક પ્રશ્ને પણ લાંબી ચર્ચા થઈ હતી. રાજકોટ પૂર્વ સહિતના વિસ્તારોમાં વર્ષોથી પેન્ડિંગ રહેલી સૂચિત સોસાયટીઓને કાયદેસર કરીને નાગરિકોને રાહત આપવા માટેની કાર્યવાહી ઝડપી બનાવવા પણ ધારાસભ્યએ ધ્યાન દોર્યું હતું. મહત્વનું છે કે, આવતા મહિને વડાપ્રધાન વાયબ્રન્ટ સમિટમાં ભાગ લેવા રાજકોટ આવે તેવો કાર્યક્રમ તૈયાર થઇ રહ્યો છે. આ મોટા કાર્યક્રમ પૂર્વે ગૃહમંત્રીએ રાજકોટના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વના પ્રશ્નો અંગે ચર્ચા કરીને વિકાસ કાર્યોને વેગ આપવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

**ગૃહમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટના ટ્રાફિક, નવી RTO કચેરી અને સૂચિત સોસાયટીના પ્રશ્નો અંગે કલેક્ટર, કમિશનર સાથે બેઠક યોજી. ધારાસભ્ય ઉદય કાનગડે મુદ્દા મૂક્યા.**

## નવસારીમાં દીપડાની દેહશતનો અંત: ૨૪ કલાકમાં ૨ ખૂંખાર દીપડા પાંજરે પુરાયા




નવસારી જિલ્લાના કુંભાર ફળિયામાં છેલ્લા કેટલાક સમયથી દીપડાએ દેહશત મચાવી હતી. ખેડૂતો અને ગ્રામજનોની માંગ બાદ વનવિભાગ દ્વારા દીપડાને પકડવા માટે પાંજરું મૂકવામાં આવ્યું હતું. મારણની લાલચમાં એક જ દિવસમાં સવારે ૪ વાગ્યે અને રાત્રિના સમયે એમ કુલ ૨ દીપડા પાંજરે પુરાયા હતા. બે દીપડા પકડાતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો છે. જોકે, ગ્રામજનોનું અનુમાન છે કે હજુ પણ દીપડા હોવાથી વનવિભાગ સતત કાર્યરત રહે તેવી માંગ ઉઠી છે. **રિપોર્ટ : ભાવેશ પટેલ**

## વાંસકુઈ ડેમના દરવાજા વિવાદમાં ઉચાપતના ગંભીર આક્ષેપ

મહુવા અને હાલના અંબિકા તાલુકાના વાંસકુઈ ગામે નદી પરના ડેમના દરવાજા બંધ કરવા અને પછી તોડી નાખવાની 'અનોખી કહાની' સરકારી નાણાંના દુરુપયોગ અને મોટા કૌભાંડના સંકેતો આપી રહી છે. આ ડેમના દરવાજા બંધ કરાતાં સ્થાનિક સ્મશાન ભૂમિમાં પાણી ભરાઈ જતું હતું, જેના કારણે ભારે વિવાદ સર્જાયો હતો. મીડિયા અહેવાલો બાદ સરકારી તંત્રને ઝૂકવું પડ્યું અને ડેમની તોડફોડ કરીને દરવાજા ફરી ખોલી દેવાયા હતા.

સ્થાનિકો અને ગ્રામજનોનો આક્ષેપ છે કે, આ ડેમના દરવાજા બંધ કરવા અને પછી તોડફોડ કરવા પાછળ સરકારી પૈસાની મોટા પાયે ઉચાપત થઈ છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, આ કામ માટેનો કોન્ટ્રાક્ટ કોને અપાયો, તેની જાણ ગ્રામ પંચાયતને પણ નહોતી. આનાથી સ્પષ્ટ થાય છે કે, સમગ્ર લેવડદેવડ બારોબાર કરવામાં આવી છે અને તેમાં કોન્ટ્રાક્ટરોના ખિસ્સા ભરવાના પ્રયાસો થયા છે. લોક માંગ ઉઠી છે કે, કયા નેતાના કહેવાથી ગ્રામના પૈસાનો ઉપયોગ કરીને આ ડેમના દરવાજા બંધ કરાયા હતા? જો તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ડેમ બંધ કરવા અને ડિમોલિશનના કામની યોગ્ય તપાસ કરવામાં આવે, તો કેટલા જૂઠાણાં આચરવામાં આવ્યા છે અને સરકારી પૈસાની કેટલી ઉચાપત થઈ છે, તેનું મોટું પ્રકરણ બહાર આવી શકે છે. ગ્રામજનો આ બહેરી અને આંધળી સરકાર સામે લડવા માટે એકઠા થયા છે અને ડેમની તપાસ રિપોર્ટ જાહેર કરવાની માંગ કરી છે.

**રિપોર્ટ : ભાવેશ પટેલ**



## સૌરાષ્ટ્ર-કચ્છ રિજિયોનલ વાઇબ્રન્ટ મીટમાં પીએમ મોદી ઉપસ્થિત

ગુજરાત સરકાર દ્વારા એક નવી પહેલના ભાગરૂપે રાજ્યના ચાર ઝોનમાં રિજિયોનલ વાઇબ્રન્ટ ગુજરાત મીટનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો હેતુ સ્થાનિક ક્ષેત્રના વ્યાપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપીને દેશ-વિદેશના ઉદ્યોગો સાથે જોડવાનો છે. આ કડીમાં સૌરાષ્ટ્ર-કચ્છ રિજિયોનલ વાઇબ્રન્ટ મીટ તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન રાજકોટના મારવાડી યુનિવર્સિટી કેમ્પસમાં યોજાશે.

આ ઇવેન્ટનું મહત્વ દર્શાવતા, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રથમ વખત કોઈ રિજિયોનલ સમિટમાં હાજરી આપવા રાજકોટ પધારશે. તેઓ તા. ૧૦ જાન્યુઆરીના રોજ ત્રણ કલાક સુધી રાજકોટમાં રહેશે અને બપોરે ૪:૩૦ વાગ્યે સમિટનું ઉદ્ઘાટન કરી ઉદ્યોગ જગતને સંબોધન કરશે.

આ સમિટમાં દેશના ટોચના ઉદ્યોગપતિઓ જેવા કે રિલાયન્સના મુકેશ અંબાણી, અદાણી ગ્રુપના ગૌતમ અદાણી અને ઝાયડસ ફાર્માના પંકજ પટેલ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના ૪૦થી વધુ વ્યાપારિક-ઔદ્યોગિક સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહેશે, જેમાં ચેમ્બર ઓફ કોમર્સ, બ્રાસ પાર્ટ એસોસિએશન, મોરબી સિરામિક એસોસિએશનનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર આ સમિટ દરમિયાન વિવિધ ક્ષેત્રે હજારો કરોડોના MOU કરીને સૌરાષ્ટ્રમાં રોકાણ લાવવા સજ્જ છે.

વડાપ્રધાનના આગમનને ધ્યાનમાં રાખીને રોડ-શો યોજવા અંગે પણ રૂટ સહિતની શક્યતાઓ ચકાસવામાં આવી છે. નવા વર્ષમાં રાજકોટમાં ધમાકેદાર પ્રારંભ થવાનો છે અને દિલ્હી, ગાંધીનગર, રાજકોટનું સરકારી તંત્ર આ મેગા ઈવેન્ટની તૈયારીમાં જોડાયું છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા. ૧૦ જાન્યુઆરીએ રાજકોટમાં મારવાડી યુનિ. ખાતે રિજિયોનલ વાઇબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન કરશે. મુકેશ અંબાણી-અદાણી હાજર રહેશે.**

## રાજકોટ લવ ગાર્ડનમાં ચોરીનો પ્રયાસ: ૭ હોન્ડાની ડેકી તૂટી

રાજકોટના રેસકોર્સ (લવ ગાર્ડન) વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે રામભરોસે ચાલી રહી છે. ગત બુધવારે લવ ગાર્ડનની વાયર ફેન્સિંગ પાસે પાર્ક કરેલા એકસાથે ૭ હોન્ડા મોટરસાઇકલની ડેકી તોડી બેટરી ચોરવાનો અને વાહન ડાયરેક્ટ વાયરિંગ કરીને ચોરી જવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટનાથી ચાલવા આવતા નાગરિકોમાં ભય ફેલાયો છે.

આ વિસ્તારમાં પ્ર.નગર પોલીસે વાહનચોરીથી સાવધાનના બોર્ડ તો માર્યા છે, પરંતુ કમનસીબી એ છે કે પોલીસ ચેકિંગ કરવા આવતી નથી, માત્ર ગાડીમાં ઉડતી મુલાકાત લે છે. માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ તરફના રોડ પર સીસીટીવી કેમેરા કે પૂરતી સ્ટ્રીટલાઈટનો અભાવ છે.

વળી, લવ ગાર્ડનના બગીચામાં પણ ગાંજા-સિગારેટના બંધાણીઓનો જમાવડો રહે છે. સિક્યુરિટી સ્ટાફ પણ સક્ષમ ન હોવાથી આવા તત્વોને કોઈ રોકટોક નથી. નાગરિકોએ મ્યુ. કોર્પોરેશન અને પોલીસ અધિકારીઓને સંયુક્ત બેઠક યોજી, આ વિસ્તારને તસ્કરી ગેંગ અને ગંજેરીઓથી મુક્ત કરવાની માંગ કરી છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



## રાજકોટ એસટી વિભાગને 14 નવી બસોની ફાળવણી

લાંબા સમયથી નવી બસોની રાહ જોઈ રહેલા રાજકોટ એસટી વિભાગ માટે સેન્ટ્રલ ઓફિસ તરફથી 14 નવી બસોની ફાળવણી કરવામાં આવતા વિભાગમાં નવી ઉર્જા જોવા મળી છે. વિભાગીય નિયામક દ્વારા આ બસોને જુદા જુદા ડેપોમાં વહેંચવામાં આવી છે, જેમાં વાંકાનેરને 4, રાજકોટને 4, ગોંડલ અને લીંબડીને 2-2, જસદણને 1 તથા સુરેન્દ્રનગરને 1 નવી બસ ફાળવાઈ છે. એસટી સૂત્રો મુજબ નવી બસો રાજકોટથી અમદાવાદ, ભાવનગર અને સુરત જેવા વ્યસ્ત રૂટ પર દોડશે. સાથે જ ગોંડલથી અંબાજી–ભૂજ, જસદણથી સુરત–જાલોદ, સુરેન્દ્રનગરથી અમદાવાદ–માંડવી–પાવાગઢ તેમજ વાંકાનેર, ગોંડલ અને લીંબડીથી વિવિધ આંતરજિલ્લા રૂટ પર સેવાઓ વધારાશે. મુસાફરોને વધુ સુવિધા મળશે તેવી આશા વ્યક્ત થઈ છે.

## રાજકોટમાં મતદાર યાદી સુધારણાનો છેલ્લો દિવસ આજે

રાજકોટ શહેર-જિલ્લામાં મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમનો અંતિમ દિવસ આવતીકાલે છે. તા. 11ના મધરાતે મતદારયાદી લોક થઈ જશે અને ત્યારબાદ 16 તારીખથી સુધારા શક્ય બનશે. જિલ્લામાં કુલ 23.91 લાખ મતદારોમાંથી 20.46 લાખનું ઈએફ તથા 3.44 લાખનું એએસડી ડિજિટાઈઝેશન પૂર્ણ થયું છે. 4000 બ્લોએ ડોર-ટુ-ડોર મુલાકાત લઈ મતદાર ગણતરી પૂર્ણ કરી હતી. આ પ્રક્રિયામાં 64710 મતદારો સ્થળ પર ન મળતા નોંધાયા છે. હવે 16 ડિસેમ્બરે મતદાર યાદીનો મુસદો પ્રસિદ્ધ કરાશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**


સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## રાધનપુરમાં ₹ ૧૦ લાખની છેતરપિંડી કરનાર લૂંટેરી દુલ્હન ગેંગ ઝડપાઈ



લગ્નના બહાને પૈસા અને ઘરેણાં પડાવી ફરાર થતી લૂંટેરી દુલ્હન ગેંગને રાધનપુર પોલીસે ઝડપી પાડી છે. ફરિયાદી બાબુભાઈ ભરવાડ પાસેથી ₹ ૧૦ લાખ અને ઘરેણાં પડાવ્યા બાદ ધમકી આપનાર દુલ્હન ઈલા ઉર્ફે હિરલ પરમાર સહિત પાંચ આરોપીઓને વડોદરા, રાજકોટ અને બોટાદમાંથી ટેકનિકલ સર્વેલન્સના આધારે પકડવામાં આવ્યા. પોલીસે કુલ ₹ ૨,૨૭,૦૦૦નો મુદ્દામાલ રિકવર કર્યો છે. લૂંટેરી દુલ્હન સામે અગાઉ પણ રાજકોટ અને ભાવનગરમાં ગુના નોંધાઈ ચૂક્યા છે. **રિપોર્ટ : કિરણ ગોહેલ**

## કોળી સમાજનો વિદ્યાર્થી સન્માન સમારોહ ૨૮ ડિસે

પોરબંદર જિલ્લાના ફરેર ગામ ખાતે આગામી તા. ૨૮ ડિસેમ્બરના રવિવારના રોજ કુતિયાણા તાલુકા કોળી સમાજ દ્વારા ભવ્ય વિદ્યાર્થી સન્માન સમારોહ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. કુતિયાણા તાલુકા કોળી સમાજના પ્રમુખ નારણભાઈ વાઢીયા અને કર્મચારી મંડળના પ્રમુખ ભરતભાઈ કેશવાલાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ સન્માન સમારોહમાં કોળી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન કરાશે, જેમાં ધો. ૧૦/૧૨, ગ્રેજ્યુએટ, આઈ.ટી.આઈ.ની પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ, અને પોસ્ટ ગ્રેજ્યુએટમાં ૫૫% કે તેથી વધુ ટકાવારી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, NEET, CA, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ ૨૦૨૫માં નવ નિયુક્ત અને નિવૃત્ત કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવશે. આ સમગ્ર વિદ્યાર્થી સન્માન સમારોહના આયોજનનું સંકલન વરજાંગભાઈ દુદાભાઈ વાળા (મો. ૯૭૨૪૧૦૯૦૯૮) કરી રહ્યા છે. લાયકાત ધરાવતા વિદ્યાર્થી તથા કર્મચારીઓએ માર્કશીટ તા. ૧૫/૧૨/૨૦૨૫ સુધીમાં સોશિયલ મીડિયાના માધ્યમથી આયોજકોને પહોંચતી કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. કુતિયાણા પંથકના ભરતભાઈ બારડ, અરજણભાઈ દેગામા, ભરતભાઈ વાઢીયા, મહેન્દ્રભાઈ દુદકિયા સહિતના અગ્રણીઓ દ્વારા આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## રાજકોટ લિંબડા ચોકમાં સિગ્નલ પર અકસ્માત

રાજકોટના લીંમડા ચોક ખાતે આજે બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ એક મોટો અકસ્માત સહેજમાં ટળ્યો હતો. સિગ્નલમાં લાલ લાઈટ હોવાથી બાઇક પર સવાર બે યુવાનો સ્ટોપ લાઇન પર નિયમ મુજબ ઊભા હતા. તે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે ધસી આવેલા રાજકોટ મનપાના સેફ્ટી ટેન્ક ટ્રકે બાઇકને હડફેટે લીધું હતું. ટ્રકની ટક્કરથી બંને યુવાનો જમીન પર ફસડાઈ પડતાં ઇજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જાતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ઇજાગ્રસ્ત યુવાનોને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




## મોડાસા: કોકાપુર દૂધ મંડળી સેક્રેટરી સહિત ૧૨ સામે ઉચાપતનો ગુનો

મોડાસા તાલુકાના કોકાપુર ગામે આવેલી સહકારી દૂધ મંડળીમાં કરોડોના વ્યવહારો વચ્ચે એક આર્થિક ઉચાપતનો મામલો સામે આવ્યો છે. મંડળીના સેક્રેટરીએ પોતાના પદનો દુરુપયોગ કરી છેલ્લા દોઢ વર્ષમાં જુદા જુદા વાઉચરના આધારે કુલ ₹ ૧૦.૩૬ લાખની રકમ ઉપાડી લીધી હતી. આ રકમ મંડળીના હિસાબમાં જમા કરાવાને બદલે અંગત વપરાશમાં લેવાઈ હોવાનું ઓડિટ રિપોર્ટમાં બહાર આવ્યું હતું.

આ ગંભીર વિશ્વાસઘાત અને ઉચાપતના કેસમાં ટીંટોઈ પોલીસ સ્ટેશનમાં મંડળીના સેક્રેટરી સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદના આધારે પોલીસે માત્ર સેક્રેટરી જ નહીં, પરંતુ વ્યવસ્થાપક કમિટીના ૭ સભ્યો સહિત કુલ ૧૨ લોકોના નામ જોગ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વ્યવસ્થાપક કમિટીના સભ્યો પટેલ અમિષાબેન, રાજેશભાઇ, રજનીભાઇ, ભરતભાઇ, સરીતાબેન, અનિતાબેન, ભગવતીબેન અને ચમાર હરેશભાઇનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ટીંટોઈ પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને ઉચાપતના નાણાં ક્યાં વપરાયા તેની તપાસ શરૂ કરી છે.



**મોડાસાની કોકાપુર દૂધ મંડળીમાં સેક્રેટરીએ દોઢ વર્ષમાં ₹ ૧૦.૩૬ લાખની ઉચાપત કરતા ટીંટોઈ પોલીસે કમિટી સભ્યો સહિત ૧૨ લોકો સામે ફરિયાદ નોંધી.**

## ઓઢવમાં સગીરાના બાળલગ્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

ઓઢવ વિસ્તારમાં સગીરાના બાળલગ્ન અને દબાણથી બનેલા સંબંધ મામલે પોક્સો કોર્ટએ ચાઇલ્ડ મેરેજ એક્ટ હેઠળ આરોપીને એક વર્ષની સજા ફટકારી છે. બળાત્કાર કેસમાં નિર્દોષ છૂટેલા યુવક સામે સગીરાના અર્ધનગ્ન ફોટા કાઢી ધમકી આપીને લગ્ન કરાવવાના પુરાવા માન્ય થયા. લગ્ન બાદ મરજી વિરુદ્ધ સંબંધ બાંધવાની વિગતો પણ સામે આવી. કોર્ટે સગીરાનું બાળલગ્ન કરાવવામાં માતા-પિતા સહિત અન્ય જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસર પગલાં લેવા પણ સૂચના આપી છે.

## ચેનપુરમાં મંદિર જમીન અને બુલેટ ટ્રેન જગ્યા વિવાદ ઉકેલાયો

અમદાવાદના ચેનપુર વિસ્તારમાં પીપળેશ્વર મહાદેવ અને શનિદેવ મંદિરની જમીન તથા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ફાળવેલી જગ્યા વચ્ચે વિવાદ સર્જાતા સવારથી તંગ વાતાવરણ દેખાયું. બુલેટ ટ્રેન પ્રોજેક્ટની વધારાની કામગીરી માટે અધિકારીઓ સ્થળ પર પહોંચતા સ્થાનિકોએ રામધૂન શરૂ કરી વિરોધ નોંધાવ્યો. રેલવે વિભાગે કાર્ય માટે જરૂરી ભાગ માપવા માંગતા અને લોકો મંદિરની જમીન રક્ષવા અડગ રહેતા ચર્ચા ચાલી. અંતે બંને પક્ષોની વચ્ચે સમાધાન રૂપે માત્ર માપણી મુજબની આવશ્યક જગ્યા લેવાની, જ્યારે મંદિર તરફનો માર્ગ અને જગ્યા અડગ રાખવાની સમજણ થઈ. માપણી પછી જગ્યા હસ્તાંતરણ પ્રક્રિયા આગળ વધારાઈ.

## જિલ્લામાં પ્રોહિબિશન અને ડ્રંક ડ્રાઈવના અનેક કેસો નોંધાયા

જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પ્રોહિબિશન સાથે સંબંધિત કેસોની વધતી શ્રેણી જોવા મળી છે. વરણામામાં જુગાર રમતા ત્રણ શખ્સ ઝડપાયા હતા, જ્યારે કરજણમાં વિદેશી દારૂ ભરેલા કન્ટેનરની ચકાસણી થઈ. શિનોર, પાદરા, ડભોઈ, વડોદરા તાલુકા અને મંજુસર વિસ્તારોમાં દારૂ પીધેલા તેમજ દારૂ રાખવાના અનેક બનાવો સામે આવ્યા છે, જેના કારણે દારૂબંધી અંગે ચર્ચા ફરી તેજ બની છે.

તે જ સમયે જરોદ સ્ટેશન હદમાં MV Act 185 હેઠળ દારૂ પીને વાહન હંકારવાના એક પછી એક ગુનાઓ નોંધાયા છે. વધતા જોખમોને પગલે માર્ગ સલામતી અને સામાજિક જવાબદારી અંગે ફરીથી વાતચીત ઊભી થઈ છે.

## મહીસાગર શી-ટીમ દ્વારા પોક્સો એક્ટ પર જાગૃતિ

મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીના માર્ગદર્શન અને સૂચનાઓ અનુસાર, બાકોર પોલીસ સ્ટેશનની મહિલા પોલીસની 'શી-ટીમ' દ્વારા ખાનપુર તાલુકાના પાંડરવાડા ખાતે આવેલી પી.એમ. શ્રી પાંડરવાડા શાળામાં વિદ્યાર્થી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં કાયદાકીય જ્ઞાન વધારવાનો અને તેમને સ્વ-સુરક્ષા માટે સજ્જ કરવાનો હતો. શી-ટીમે બાળકોને જાતીય સતામણીથી રક્ષણ આપતા પોક્સો એક્ટ (POCSO Act)ની જોગવાઈઓ વિશે વિસ્તૃત સમજણ આપી હતી.

આધુનિક યુગના પડકારરૂપ સાયબર ક્રાઇમ, ઓનલાઈન છેતરપિંડી અને સોશિયલ મીડિયાના દુરુપયોગ વિશે પણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી. સાથે જ, તાજેતરમાં અમલમાં આવેલા નવા કાયદાઓ વિશે પણ પ્રાથમિક માહિતી આપી હતી. સુરક્ષા સંબંધિત ગુડ ટચ અને બેડ ટચના ભેદને પણ સરળ ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યો હતો, જેથી વિદ્યાર્થીઓ જોખમી પરિસ્થિતિને ઓળખી શકે અને તેનાથી બચી શકે. આ પહેલ બદલ શાળા સંચાલકોએ પોલીસની કામગીરીને બિરદાવી હતી. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**




**બાકોર પોલીસ સ્ટેશન, પોક્સો એક્ટ સમજૂતી, સાયબર ક્રાઇમ જાગૃતિ, ગુડ ટચ બેડ ટચ, મહીસાગર પોલીસ**

## કરજણમાં મહિલા લાપતા, ત્રણ જગ્યાએ અકસ્માતજન્ય મોતની ઘટનાઓ

કરજણ વિસ્તારમાં પન્નાબેન ઉમેશભાઈ પ્રજાપતિ (ઉંમર ૩૫) કોઈ સૂચના આપ્યા વિના ઘરેથી નીકળી જતાં પરિવાર ચિંતામાં મુકાયો છે. બીજી તરફ જિલ્લામાં ત્રણ અલગ સ્થળોએ અકસ્માતજન્ય મોતની ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે. ડેસરમાં જગદીશસિંહ પરમાર (૩૪) ખેતરમાં બોરવેલ પાસે કામ કરતી વખતે વીજ કરંટ લાગતાં જીવન ગુમાવ્યું. ચાણોદના ફુલવાડી ગામે અજાણ્યા ૫૫ વર્ષીય વૃદ્ધ જનશતાબ્દી એક્સપ્રેસ નીચે આવી જતા મોત નિપજ્યું. મંજુસરમાં વિશ્વેશ્વરીબેન ચૌહાણ (૧૮) પિતાના ઠપકાથી વેદનામાં આવી ગળેફાંસો ખાઈ મૃત્યુ વરણવું પડ્યું. સતત બનેલી આ દુર્ઘટનાઓથી વિસ્તાર ભારોભાર માદડીમાં છે.

## તિલકવાડા રોડ અકસ્માતમાં એકનું મોત, મંજુસરમાં ઝઘડો

ચાણોદ વિસ્તારમાં તિલકવાડા-ડભોઈ રોડ પર અકોટી બસ સ્ટેન્ડ નજીક બનેલા જીવલેણ અકસ્માતમાં એક્ટિવા (GJ-22-R-8586) ડિવાઈડર સાથે અથડાતાં આશાબેન બલીરામભાઈ વસાવાનું ઘટનાસ્થળે જ મોત થયું, જ્યારે પાછળ બેસેલી નિરંજનાબેનને ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ માર્ગ સલામતી અંગે ફરી પ્રશ્નો ઊભા થયા છે. તે જ દિવસે મંજુસર વિસ્તારમાં વિડિયો બનાવવાના મુદ્દે ઉદ્ભવેલા વિવાદમાં હરીશ ઉર્ફે લાલભાઈ ગોહિલ અને કેયુર ગોહિલે મનોજભાઈ સોલંકીને પાવડાના હાથા વડે માર મારતા હાથમાં ફ્રેક્ચર થયા હોવાનું જાણવા મળ્યું. બંને ઘટનાઓથી સ્થાનિકોમાં ચકચાર ફેલાઈ છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વાઘાવાડીમાં થારની ટક્કરે મહિલાનું કરુણ મોત

વાઘાવાડી વિસ્તારમાં બનેલા દુખદ અકસ્માતમાં થાર કારની ટક્કરથી સોનલબેન ગૌસ્વામીનું મોત નિપજ્યું છે. ઘટના બાદ તપાસમાં કારને કબજે કરવામાં આવી છે. માર્ગ પર ઝડપ અને બેદરકારીને કારણે બનેલી આ ઘટનાએ સ્થાનિકોમાં ચિંતા ફેલાવી છે. સોનલબેન રસ્તો ક્રોસ કરી રહી હતી ત્યારે અચાનક આવી પડેલી થારની ટક્કર ગંભીર બની અને તેમને બચાવી શકાયા નહોતા. અકસ્માતને લઈ વાહનચાલનની સંમતિ, ગતિ નિયંત્રણ અને સુરક્ષિત ડ્રાઈવિંગ અંગે ફરી ચર્ચાઓ તેજ બની છે.

**રિપોર્ટ : રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



## પોરબંદર: રહીજથી દ્વારકાની ૨૦મી પદયાત્રામાં ૭૦૦ ભક્તો જોડાશે

પોરબંદર માંગરોળ તાલુકાના રહીજ ગામેથી 'જય દ્વારકાધીશ પદયાત્રા મંડળ' દ્વારા તા. ૨૩ ડિસેમ્બરના રોજ તેમની ૨૦મી પદયાત્રાનું 'જય દ્વારકાધીશ'ના ગગનભેદી ગુંજન સાથે પ્રસ્થાન થશે. વિસરાતી સંસ્કૃતિને જીવંત રાખવાના અને કૃષ્ણ ભક્તિને દૃઢ બનાવવાના ઉદ્દેશથી ૯૦ ગામના ૬૦૦ થી ૭૦૦ કૃષ્ણ ભક્તો સ્વયંભૂ આ યાત્રામાં જોડાશે. યાત્રામાં ૩૦ ટ્રેક્ટર અને અખંડ જ્યોત સાથેનો કૃષ્ણ રથ પણ સહભાગી થશે.

પદયાત્રા તા. ૨૫ ડિસેમ્બરના વહેલી સવારે પોરબંદરમાં પ્રવેશ કરશે. ઇન્દિરા નગર ખાતેની સેવાભાવી સંસ્થા 'ૐ સાંઈ ટેકા પરબ' દ્વારા પદયાત્રીઓનું ભવ્ય અભિવાદન કરવામાં આવશે. સંસ્થાના પ્રમુખ રામસીભાઈ બામણીયા, પોરબંદર જિલ્લા કોળી સમાજના શ્રેષ્ઠીઓ સર્વશ્રી રામભાઈ બગીયા, લાખાભાઈ મોકરીયા, અને જાણીતા કેળવણીકાર ડો. ઈશ્વરલાલ ભરડા સહિતના મહાનુભાવો દ્વારા હારતોરાથી સ્વાગત કરાશે. 'ૐ સાંઈ ટેકા પરબ' ખાતે યાત્રીઓ માટે ચા-પાણીની વ્યવસ્થા સાથે રામસીભાઈ બામણીયા દ્વારા તેમને ચાલવામાં મદદરૂપ થાય તેવી ટેકા રૂપી લાકડી (સ્ટીક) પણ એનાયત કરવામાં આવશે. **રિપોર્ટ : હર્ષ ભરડા**




## ઇડર ટ્રાફિક સમસ્યા: જમીન સંપાદન વિવાદમાં કલેક્ટરની બેઠક

ગુજરાતના મુખ્ય શહેરો કરતાં પણ વધુ ટ્રાફિક ધરાવતા ઇડરમાં બસ સ્ટેશનથી એપોલો ત્રણ રસ્તા સુધી કાયમી ટ્રાફિક સમસ્યા છે. આ સમસ્યાના ઉકેલ માટે નેશનલ હાઇવેના જમીન સંપાદન દરમિયાન જંત્રીના ઓછા ભાવ મુદ્દે ખેડૂતોએ વિરોધ કર્યો હતો. ખેડૂતોમાં રહેલો ભેદભાવનો વહેમ દૂર કરવા માટે જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંધુની અધ્યક્ષતામાં લાલોડા ગામે પાંચ ગામના ખેડૂતો સાથે બેઠક યોજાઈ હતી, જેમાં નાયબ કલેક્ટર રોનક પટેલ અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

**રીપોર્ટ : જનક જાદવ**



## ભાવનગરમાં NDPS: કોડીન સિરપના જથ્થા સાથે એક ઝડપાયો

ગુજરાત સરકારના 'નશા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત ભાવનગર જિલ્લામાં 'નો ડ્રગ્સ ઇન ભાવનગર' ઝુંબેશ સક્રિય કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી નિતેશ પાંડેયની સૂચનાના પગલે SOGએ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર નશાકારક સિરપ અને ટેબ્લેટનું બિનઅધિકૃત વેચાણ કરતા તત્વો સામે લાલ આંખ કરી છે. SOG પોલીસ ઇન્સ્પેક્ટર ડી.યુ. સુનેસરાના માર્ગદર્શન હેઠળ પો.કોન્સ. પાર્થભાઇ ધોળકીયા અને મિનાજભાઇ ગોરીને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી. પોલીસે હર્ષભાઇ રોહિતભાઇ ચૌહાણ (ઉ.વ.૨૩, રહે. રાજારામના અવેડા પાસે, ભાવનગર) નામના શખ્સને તેના ઘરેથી ઝડપી પાડ્યો. આ શખ્સ પાસેથી કોડીન ફોસ્ફેટ (Codeine Phosphate) નામનું ઘટક તત્વ ધરાવતી કફ સિરપની કુલ ૩૦ બોટલોનો જથ્થો બિનઅધિકૃત રીતે છૂટક વેપાર કરવાના ઇરાદે મળી આવ્યો હતો. સિરપની કિંમત ₹ ૫,૯૭૦ તથા મોબાઈલ સહિત કુલ ₹ ૧૦,૯૭૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આરોપી વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



## જમીન સોદામાં અડતાલીસ લાખની છેતરપિંડી બહાર

વરણામા વિસ્તારમાં જમીન સોદા સાથે જોડાયેલી ગંભીર છેતરપિંડીની વિગતો સામે આવી છે. તતારપુરા ગામે આવેલી જમીન બ્લોક નં. ૨૪૫/૧/બના સોદા માટે નવીનચંદ્ર ઉકાણી પાસેથી આરોપીઓ કનુભાઈ પટેલ, પરેશ પટેલ અને ભાવેશ વરસાણીને ટુકડે–ટુકડે મળી કુલ રૂ.૪૮ લાખ ચૂકવાયા હતા. પરંતુ ન તો દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો અને ન જ રકમ પરત આપવામાં આવી, જેના કારણે વિશ્વાસઘાતનો ભોગ બનવો પડ્યો. જમીન સોદામાં વધી રહેલી ગેરરીતિઓ વચ્ચે આ ઘટના ફરી ચર્ચાનું કેન્દ્ર બની છે.

## ડભોઈમાં બાઈક ચોરી અને અંકોડિયામાં યુવતીની હત્યા


ડભોઈના ભીખણકુઈ નાંદોદી ભાગોળ વિસ્તારથી મિતેષભાઈ પટેલની હીરો એક્સ્ટ્રીમ બાઈક (GJ-06-HN-8553) મૂલ્ય રૂ.૨૫,૦૦૦ની ચોરી થયાની માહિતી મળી છે. બીજી તરફ વડોદરા તાલુકાના અંકોડિયા સીમ વિસ્તારમાં કમલેશભાઈ પટેલના ખેતર પાસે અજાણી યુવતી (ઉંમર અંદાજે ૨૨–૨૫) નો મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. પ્રાથમિક વિગતો અનુસાર કોઈએ દુપટ્ટા વડે ગળેફાંસો આપી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. બંને અલગ ઘટનાઓથી વિસ્તાર□□n સુરક્ષા મુદ્દા ફરી ચર્ચામાં આવ્યા છે.

## ધારી-અમરેલી રોડ પર ગમખ્વાર માર્ગ અકસ્માત

ધારી-અમરેલી રોડ પર જર ગામના પાટિયા પાસે આજે સવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં સ્વિફ્ટ કાર અને એક આઇસર મિની ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે સ્વિફ્ટ કારના આગળના ભાગને મોટું નુકસાન થયું હતું.

આ અકસ્માતમાં સ્વિફ્ટ કારમાં સવાર પાંચ મુસાફરોને ઇજા પહોંચી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્તોને તાત્કાલિક ધારીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ધારી હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ ઇજાગ્રસ્તોની પ્રાથમિક સારવાર શરૂ કરી હતી, પરંતુ એક વ્યક્તિને ગંભીર ઇજાઓ થઈ હોવાથી તેની હાલત નાજુક જણાતા તેને વધુ સારવાર માટે તાત્કાલિક અમરેલી રિફર કરવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં ધારી પોલીસે સ્થળ પર પહોંચી અકસ્માત કયા કારણોસર સર્જાયો તેની તપાસ શરૂ કરી છે. **રિપોર્ટ : સરફરાઝ ખોખર અમરેલી**



## કાવ્યા ઠાકરને કલા મહાકુંભમાં સૌરાષ્ટ્ર કક્ષાએ દ્વિતીય સ્થાન

અમરેલી ખાતે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી દ્વારા આયોજિત કલા મહાકુંભ-૨૦૨૫-૨૬ની સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાની સ્પર્ધામાં પોરબંદરની બોખીરા પે સેન્ટર પ્રાથમિક શાળાની કાવ્યા મનસુખભાઈ ઠાકરે સુગમ સંગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો. કાવ્યાના પિતા જાણીતા સાહિત્યકાર અને કવિ હોવાથી 'મોરનાં ઈંડા ચીતરવા ન પડે' કહેવત સાર્થક થઈ છે. આ સિદ્ધિ બદલ શાળા, અબોટી સમાજ, પોરબંદર અને દ્વારકા જિલ્લા તરફથી અભિનંદન વર્ષા થઈ છે.

**રિપોર્ટ : હર્ષ ભરડા કેશોદ**




## કેશોદમાં રઘુવીર સેનાએ યોજ્યું 'મહિલા આત્મનિર્ભર અભિયાન'

કેશોદની લોહાણા મહાજન સુંદર વાડી ખાતે શ્રી રઘુવીર સેના મહિલા સેલ દ્વારા મહિલા આત્મનિર્ભર અભિયાન કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. એસપી ઠક્કર સાહેબના ધર્મપત્નીના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં રઘુવીર મહિલા પાંખના સોનલ સોઢા દ્વારા સંચાલન કરવામાં આવ્યું. મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં હસ્તકલા, ભરત-ગુંથણ, ઘરગથ્થુ ઉદ્યોગ અને ફૂડ આઇટમ્સ સહિતના વિવિધ આકર્ષક સ્ટોલ મૂકવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં બહેનોએ ખરીદી કરી મહિલા કૌશલ્યને પ્રોત્સાહન આપ્યું.

**રિપોર્ટ : હર્ષ ભરડા, કેશોદ**



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## કેવડિયા ભારતી આશ્રમમાં શ્રી રામકથા અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

નર્મદાના કેવડિયા, ગોરા ઘાટ સ્થિત શ્રી ભારતી આશ્રમમાં શ્રી રામચરિત માનસ કથા અને શ્રી રામ પંચાયત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો. પૂ. શાસ્ત્રીશ્રી રાજેન્દ્રપ્રસાદ ભટ્ટ દ્વારા વિવિધ પ્રસંગોનું રસપાન કરાવાયું. મકવાણા પરિવારે મુખ્ય યજમાન બની સેવા આપી. મહોત્સવમાં ગુજરાતભરના સંતો, આગેવાનો અને શ્રદ્ધાળુઓએ હાજરી આપી ભક્તિનો લાભ લીધો. **રિપોર્ટ : કિરણ ગોહેલ**



## રાજુલામાં ₹ ૩.૪૪ લાખના વિદેશી દારૂનો નાશ

રાજુલા, જાફરાબાદ મરીન, નાગેશ્રી અને પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના કુલ ૭૩૭ વિદેશી દારૂની બોટલોનો જથ્થો રાજુલાના જુના કડીયાળી રોડ ઉપર નાશ કરવામાં આવ્યો. ₹ ૩,૪૪,૯૮૮ ની કિંમતના દારૂના જથ્થા ઉપર બુલડોઝર ફેરવી દેવાયું હતું. આ કાર્યવાહી દરમિયાન એ.એસ.પી. જયવીર ગઢવી, પ્રાંત અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. પ્રોહિબિશન કાયદાનું કડક પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે આ પગલું લેવામાં આવ્યું હતું.

**રીપોર્ટ - સરફરાઝ ખોખર અમરેલી**



## પેરોલ ફર્લો સ્ક્વોડે આજીવન કેદના ફરાર આરોપીને ઝડપ્યો

મહીસાગર જિલ્લાની પેરોલ ફર્લો સ્ક્વોડે બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલા અને આજીવન કેદની સજા પામેલા એક ફરાર આરોપીને ઝડપી પાડી મોટી સફળતા મેળવી છે. આ આરોપી ધાડ, બળાત્કાર અને મર્ડર જેવા અત્યંત ગંભીર ગુનાઓમાં દોષિત ઠર્યો હતો.

આજીવન કેદની સજા ભોગવી રહેલો આ આરોપી પાંચ મહિના પહેલાં વચગાળાના જામીન પર જેલમાંથી બહાર આવ્યો હતો, પરંતુ જામીન અવધિ પૂર્ણ થયા બાદ તે જેલમાં પરત ફર્યો ન હતો અને પોલીસ પકડથી સતત દૂર હતો.

મહીસાગર પેરોલ ફર્લો સ્ક્વોડે આ ફરાર આરોપીને ઝડપી પાડવા માટે વિશેષ ટીમની રચના કરી હતી. ટીમે અત્યાધુનિક ટેક્નિકલ સર્વેલન્સ અને ગુપ્ત માહિતીના આધારે સચોટ લોકેશન મેળવી ઓપરેશન પાર પાડ્યું હતું. આરોપીને ઝડપી પાડવામાં આવતાં કાયદાનું પાલન સુનિશ્ચિત થયું છે. સ્ક્વોડે હવે આરોપી વિરુદ્ધ જામીન ભંગનો ગુનો નોંધી તેને ફરી જેલમાં મોકલવાની કાયદેસરની પ્રક્રિયા શરૂ કરી છે, જેનાથી ફરાર કેદીઓ માટે એક કડક સંદેશ પહોંચાડાયો છે.

**રિપોર્ટ : નરેન્દ્ર સિંહ પરમાર**



## ડીસાના વેપારીની હત્યામાં બે આરોપીઓને આજીવન કેદ

બનાસકાંઠાના ડીસાના દાડમ વેપારી સંતોષભાઈ ઉર્ફે સંજયભાઈની ચાર વર્ષ પહેલાં લૂંટના ઇરાદે કરવામાં આવેલી હત્યાના કેસમાં થરાદની એડિશનલ સેશન કોર્ટે આજે બે આરોપીઓને સજા સંભળાવી છે. આ કેસમાં ન્યાયિક કાર્યવાહીના અંતે પીડિત પરિવારને આંશિક રાહત મળી છે.

આશરે ચાર વર્ષ પહેલાં, સંતોષભાઈની દોરડા વડે ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે તેમની લાશને કેનાલમાં ફેંકી દેવામાં આવી હતી. થરાદ પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધી ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી, જેમાં જાણવા મળ્યું કે વેપારી સાથે રહેતા રમેશભાઈ ચૌધરી અને કિરણકુમાર વિઠોદરા (ઠાકોર) એ રૂપિયાની લૂંટ કરવાના ઇરાદે આ હત્યાને અંજામ આપ્યો હતો.

આ કેસ થરાદ એડિશનલ સેશન કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશે બંને આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. સાથે જ આરોપીઓ પર ₹ ૧.૫ લાખનો દંડ પણ લગાવવામાં આવ્યો છે. કોર્ટે આ દંડમાંથી ₹ ૨ લાખની રકમ મૃતક વેપારીની પત્નીને વળતર તરીકે ચૂકવવાનો આદેશ કર્યો છે.

**રિપોર્ટ : કિરણ ગોહેલ**




## મ્યુલ એકાઉન્ટ મારફતે લાખોની છેતરપિંડીનો પર્દાફાશ

માંજલપુર વિસ્તારમાં ઓનલાઈન છેતરપિંડીના નવા કેસે ચકચાર જગાવી છે, જેમાં મ્યુલ એકાઉન્ટ ઓપરેટ કરીને ગેરકાયદેસર ફંડ ટ્રાન્સફર કરવાના આરોપો સામે આવ્યા છે. સમન્વય પોર્ટલ પર અંબિકાપુર (છત્તીસગઢ)થી જમા થયેલા રૂ.૯૯,૯૯૯ અંગેની ફરિયાદ બાદ બેંક ઓફ ઈન્ડિયા, માંજલપુર બ્રાન્ચના ખાતાની તપાસ કરવામાં આવી. તપાસમાં સામે આવ્યું કે ખાતામાં કુલ રૂ.૯,૨૦,૯૯૨ની ફ્રોડ્યુલન્ટ લેવડદેવડ થઈ હતી. આ રકમ અલગ–અલગ લાભાર્થીઓ દ્વારા ઉપાડી આંગડિયા પેઢીઓ મારફતે કમિશન આધારિત રીતે આગળ મોકલાતી હતી. મામલામાં અક્ષય ભદાને, હરપ્રીતસિંહ સિંગ અને રવિન્દ્ર પ્રજાપતના નામો સંડોવાયેલા હોવાનું નિર્દેશિત થયું છે. વધતા ડિજિટલ ફ્રોડ વચ્ચે આવા મ્યુલ અકાઉન્ટની ભૂમિકા અંગે નવી ચિંતાઓ ઊભી થઈ છે.

## જ્વેલર્સની દુકાનમાંથી મહિલા ગ્રાહક બની વીંટીઓ ઉઠાવી ગઈ

હરણી વિસ્તારમાં ત્રિભોવનદાસ જ્વેલર્સમાં ૧૨ નવેમ્બરનાં રોજ બનેલી ચર્ચાસ્પદ ચોરીની ઘટના એક મહિના બાદ ફરી ચર્ચામાં આવી છે. દુકાને ગ્રાહક બનીને આવેલી અજાણી મહિલાએ વીંટી બતાવવા કહ્યા બાદ ફરિયાદીના પિતાની નજર ચૂકવી ત્રણ સોનાની વીંટીઓ લઈ દોડી ગઈ હતી. આશરે ૮.૫ ગ્રામ વજનની આ વીંટીઓની કિંમત રૂ.૧ લાખ જેટલી ગણવામાં આવી છે. ઘટના બાદ દુકાનદારોએ વિગતો એકત્ર કરી નોંધાવી, જેના આધારે ૧૧ ડિસેમ્બરે કેસ દાખલ થયો. વ્યસ્ત વેપારી વિસ્તારમાં દિવસદાઢે થયેલી આ ચાલાકીભરી ચોરીએ સુરક્ષા સાવચેતી અને સીસીટીવી મોનિટરિંગ અંગે નવી ચર્ચા જગાવી છે.

## સુરત કડોદરામાં ગમખ્વાર અકસ્માત: નર્સ રંજનાબેનનું મોત

સુરત જિલ્લાના કડોદરા ચાર રસ્તા નજીક અમદાવાદ-મુંબઈ રોડ પર બપોરે બનેલા એક ગંભીર માર્ગ અકસ્માતે એક યુવાન નર્સનો ભોગ લીધો છે. મૂળ મહારાષ્ટ્રની વતની અને હાલ કડોદરાની શ્રીનિવાસ ગ્રીન સિટીમાં રહેતી રંજનાબેન રમણભાઈ કોકની (ઉ.વ. અંદાજિત ૨૨) તેમના માતા માયાબેન કોકની સાથે એક્ટિવા પરથી પસાર થઈ રહ્યા હતા. રંજનાબેન ઉંભેળ વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા હતા.

બપોરના લગભગ બે વાગ્યાના સુમારે પૂરપાટ ઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી આવતા એક આઈશર ટેમ્પોના ચાલકે એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરથી એક્ટિવા પર સવાર માતા-પુત્રી ફંગોળાઈ ગયા હતા, જેમાં રંજનાબેન ટેમ્પાના આગળના વ્હીલ નીચે કચડાઈ ગયા હતા. માથામાં થયેલી ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

અકસ્માતની જાણ થતાં જ કડોદરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને અકસ્માતગ્રસ્ત વાહનોને દૂર કરી ટ્રાફિક પૂર્વવત્ કરાવ્યો હતો. પોલીસે મૃતક રંજનાબેનના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે મૃતકના માતા માયાબેન કોકનીની ફરિયાદના આધારે બેદરકારીપૂર્વક વાહન ચલાવી ગંભીર અકસ્માત સર્જનાર આઈશર ટેમ્પોના ચાલક વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. ફરજ પર જતી યુવાન નર્સના આ કરુણ મોતના કારણે કડોદરા વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

**રિપોર્ટ : સરફરાઝ શેખ**



## કમાટીબાગ પાર્કિંગમાં સ્કૂટરની ડિકી તોડી ચોરી

સયાજીગંજ વિસ્તારમાં કમાટીબાગ ગેટ નં.૩ પાસે ૮ ડિસેમ્બરની સાંજે બનેલી ચોરીની ઘટનામાં પ્લમ્બર અલ્તાફ અંસારીનું જ્યુપિટર સ્કૂટર નિશાન બન્યું. તેઓ ૧૭:૨૦ થી ૧૮:૩૦ વચ્ચે કામસરત્યે પાર્ક કરી ગયા હતાં, દરમિયાન કોઈ અજાણ્યા શખ્સે સ્કૂટરની ડિકી તોડી મૂલ્યવાન વસ્તુઓ ઉઠાવી લીધી. ચોરાયેલા સામાનમાં રૂ.૨૦,૦૦૦ રોકડા સાથે પાન કાર્ડ, આધાર કાર્ડ અને ત્રણ બેંકોના એટીએમ કાર્ડ સામેલ છે. વ્યસ્ત પાર્કિંગ ઝોનમાં આવી ઘટનાએ સુરક્ષા વ્યવસ્થાઓ પર નવા પ્રશ્નો ઊભા કર્યા છે.

## માંજલપુરમાં રોંગ સાઈડ અર્ટીગાની ટક્કરથી ડિલિવરી બોય ઘાયલ

માંજલપુર વિસ્તારમાં ૧૬ નવેમ્બરના રોજ બનેલા ગંભીર અકસ્માતમાં ડિલિવરી બોય જયેશસિંહ ચૌહાણ ઈવા મોલ રોડ પાસે રોડ ક્રોસ કરતી વખતે અર્ટીગા કાર (GJ-06-PK-4991)ની પૂરઝડપે અને રોંગ સાઈડથી આવેલી ટક્કરનો ભોગ બન્યો હતો. અકસ્માતમાં તેમને ડાબા ખભામાં ફ્રેક્ચર સહિત કોણી અને માથાના ભાગે નોંધપાત્ર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને લઈને ત્યાર પછી શરૂ થયેલી કાર્યવાહી બાદ ૧૦ ડિસેમ્બરે કેસ નોંધાયો. વિસ્તારમાં બેદરકારીપૂર્વકની ડ્રાઈવિંગ અંગે ફરી ચર્ચા તેજ બની છે, કારણ કે વ્યસ્ત માર્ગો પર આવી ઘટનાઓ રોજગાર અને રોજિંદા મુસાફરી સાથે સંકળાયેલા લોકોને ગંભીર અસર પહોંચાડે છે.

## ઓનલાઇન છેતરપિંડીમાં કરોડોની ગેરકાયદેસર લેવડદેવડ બહાર

સાયબર ક્રાઈમ સ્ટેશનમાં દાખલ થયેલી વિગતો અનુસાર ઓનલાઇન છેતરપિંડી માટે રચાયેલ કાવતરામાં બેંક ખાતાધારક હેમંત જાદવ, મોબાઈલ ધારક સાગર શાહ અને અન્ય લાભાર્થીઓના નામો સામે આવ્યા છે. 'બેંક ઓફ મહારાષ્ટ્ર'માં ખોલાયેલ ખાતાનો ઉપયોગ કરીને આશરે રૂ.૨,૩૦,૯૬,૮૯૦ના ગેરકાયદેસર વ્યવહારો થયા હોવાનું જાણવા મળ્યું. આ જ ખાતું NCCRP પોર્ટલ પર ૨૩ અલગ ફરિયાદો સાથે જોડાયેલું છે. BNS તથા IT એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધાયો છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## શંખેશ્વર ITIમાં ડૉ. મેનીશ રાજ દ્વારા નવીન હોસ્પિટલ

પવિત્રધામ શંખેશ્વર ખાતે આવેલ મણીભદ્ર કોમ્પલેક્સમાં 'આશિર્વાદ હોસ્પિટલ'નું નિર્માણ થતાં સ્થાનિકો અને યાત્રાળુઓ માટે આશીર્વાદરૂપ બની છે. ગુજરાતની શ્રેષ્ઠ બી. જે. મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ કરી અમદાવાદ સિવિલ હોસ્પિટલનો બહોળો અનુભવ ધરાવતા ડૉ. મેનીશ રાજ અહીં સેવા આપશે. હોસ્પિટલમાં લેબોરેટરી અને એક્સ-રે સહિતની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. ડૉ. મેનીશ રાજ દ્વારા અમુક વર્ગના દર્દીઓ માટે આજીવન તદ્દન મફત સારવાર આપવાનો પ્રણ લેવામાં આવ્યો છે. **રિપોર્ટ : કિરણ ગોહેલ**



## પાલીતાણા: 'તેરા તુજકો અર્પણ' માં ૬ ગુમ મોબાઈલ પરત

પવિત્ર યાત્રાધામ પાલીતાણામાં પ્રશાસને 'તેરા તુજકો અર્પણ' અભિયાનને સાર્થક કરતા વધુ એક પ્રશંસનીય પગલું ભર્યું છે. પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશન દ્વારા ગુમ થયેલા ૬ મોબાઈલ ફોન શોધીને તેમના મૂળ માલિકોને પરત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પરત કરાયેલા મોબાઈલની કુલ બજાર કિંમત ₹ ૧,૨૧,૦૦૦ જેટલી આંકવામાં આવી છે.

આ પૈકીના ત્રણ ફોન બહારથી આવેલા જૈન યાત્રિકોના હતા, જેઓ યાત્રાધામની મુલાકાત દરમિયાન પોતાના કીમતી ફોન ગુમાવી બેઠા હતા. બાકીના ત્રણ ફોન પાલીતાણાના સ્થાનિક રહેવાસીઓના હતા.

રૂરલ પોલીસ સ્ટેશનના અધિકારી આર.ડી. રબારીના માર્ગદર્શન હેઠળ ASI એન.એચ. અન્સારી, હેડ કોન્સ્ટેબલ જે.જી. ભંડારી, પોલીસ કોન્સ્ટેબલ દિલીપ રાઠોડ અને સાહિલ ગોઢાણીયાની ટીમે અત્યાધુનિક ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરીને ટૂંકા સમયમાં તમામ ફોન સફળતાપૂર્વક શોધી કાઢ્યા હતા. પોતાના ગુમ થયેલા ફોન પાછા મળતાં યાત્રિકો અને સ્થાનિકોએ રાહત અનુભવી અને પ્રશાસનની આ કર્તવ્યનિષ્ઠ કામગીરીની સાર્વજનિક રીતે પ્રશંસા કરી.



## ભરૂચ: નબીપુર નજીક ગાંજાની ખેતી ઝડપાઈ, SOGની સફળતા

ભરૂચ જિલ્લામાં ડ્રગ્સ વિરોધી ઝુંબેશ વચ્ચે સ્પેશયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા એક મોટી સફળતા હાંસલ કરવામાં આવી છે. નબીપુર નજીક આવેલા માંચ ગામમાં એક રહેણાંક મિલ્કતમાં ગેરકાયદેસર રીતે ગાંજાની ખેતી થતી હોવાની માહિતી SOGને મળી હતી. બાતમીના આધારે તાત્કાલિક કાર્યવાહી કરીને જુના ભીલવાડા વિસ્તારમાં આવેલા એક મકાનના વાડામાં દરોડા પાડવામાં આવ્યા હતા.

દરોડા દરમિયાન, પોલીસને વાડામાં ઉગાડવામાં આવેલા ગાંજાના ૬ છોડ મળી આવ્યા હતા, જેનું કુલ વજન ૨૨.૪૦૦ કિલોગ્રામ જેટલું થયું હતું. આ જથ્થાની બજાર કિંમત ₹ ૧૧.૨૦ લાખ આંકવામાં આવી છે, જેને પોલીસે જપ્ત કર્યો છે.

આ ગેરકાયદેસર ગાંજાની ખેતી કરવા બદલ આરોપી જીવણ વસાવાની ધરપકડ કરવામાં આવી છે. આરોપી સામે નબીપુર પોલીસ સ્ટેશનમાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સફળતા ભરૂચ જિલ્લામાં ચાલી રહેલા 'નો ડ્રગ્સ ઇન ભરૂચ' અભિયાન માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવે છે.

**રિપોર્ટ : કિરણ ગોહેલ**



**ભરૂચ SOGએ નબીપુરના માંચ ગામમાં રહેણાંક મિલ્કતમાંથી ₹ ૧૧.૨૦ લાખના ૨૨ કિલો ગાંજાના છોડ સાથે એક આરોપીને ઝડપ્યો.**

## વડોદરામાં એક જ દિવસે ૨૫ દારૂબંધી કેસો બહાર

વડોદરા શહેરમાં પ્રોહિબિશન ભંગના કુલ ૨૫ કેસો નોંધાતા શહેરમાં દારૂબંધી અમલ અંગે ફરી ચર્ચા જગાઈ છે. જુદા જુદા વિસ્તારોમાં ચાલી રહેલી તપાસ દરમિયાન કુલ ૯ લીટર દેશી દારૂ અને ત્રણ બોટલ વિદેશી દારૂ મળી રૂ.૨,૨૫૦નો મુદ્દામાલ કબ્જે કરાયો. સાથે જ ૨૫ ઈસમોને તાબામાં લેવામાં આવ્યા હતા, જેમાંથી ૨૧ લોકો નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું. શહેરના વિવિધ વિસ્તારોમાં વધી રહેલા આવા બનાવો સ્થાનિક સ્તરે શિસ્ત, જાગૃતિ અને સામાજિક જવાબદારી પર નવા પ્રશ્નો ઉભા કરે છે. દારૂબંધીના નિયમોની અસરકારકતા અંગે લોકોમાં ચર્ચા તેજ બની રહી છે.

## ઇડરમાં યુવતીની છેડતીનો ઠપકો આપનાર યુવક પર ચપ્પુથી હુમલો

સાબરકાંઠા જિલ્લાના ઇડર શહેરમાં અસામાજિક તત્વોનો ત્રાસ વધ્યો હોવાના સંકેત આપતો બનાવ પ્રકાશમાં આવ્યો છે. શહેરના મોટા કસ્બા વિસ્તારના રહેવાસી સાદિક ખાન ગુલાબ ખાન બેલીમ (ઉ.વ.૨૪)ના ઘરે કામ કરતી યુવતીને ઘાટી રોડ વિસ્તારનો અમન ખાન અજીઝ ખાન પઠાણ ફોન કરીને હેરાન કરતો હતો.

યુવતીની ફરિયાદ બાદ મકાન માલિક સાદિક ખાને યુવતીને હેરાન ન કરવા બાબતે અમન ખાનને ઠપકો આપ્યો હતો. આ વાતનું વેર રાખીને તા. ૯મી ડિસેમ્બરના રોજ અમન ખાને મદની સોસાયટી પાસે સાદિક ખાનને બેનસામે ગાળો બોલી, જાનથી મારી નાખવાના ઈરાદે છાતીના ડાબી બાજુ બગલના નીચેના ભાગે ચપ્પુ મારી દીધું હતું, જેનાથી સાદિક ખાનને ગંભીર ઈજા પહોંચી હતી. સાદિક ખાને આ અંગે અમન ખાન વિરુદ્ધ ઇડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બીજા એક બનાવમાં, ગુરુદેવ સોસાયટીમાંથી લોકેશ કનૈયાલાલ ચોબીસાની ₹ ૨૫,૦૦૦ની કિંમતની મોટરસાઇકલ ચોરી થઈ જતાં તેની પણ ફરિયાદ નોંધાઈ છે. પ્રશાસન દ્વારા બંને ઘટનાઓની તપાસ હાથ ધરવામાં આવી છે. **રિપોર્ટ : જનક જાદવ**




## NSUIએ ભાવનગર ITI પ્રિન્સિપાલ શ્રી મીઠાપરાનો માન્યો આભાર

ભાવનગરની ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) ખાતે વિદ્યાર્થીઓના કલ્યાણને લગતા પ્રશ્નોના નિવારણ બદલ NSUI (નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઇન્ડિયા) દ્વારા સંસ્થાના પ્રિન્સિપાલ શ્રી મીઠાપરા સાહેબનો આભાર માનવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમ ITI પ્રશાસન અને વિદ્યાર્થી સંગઠન વચ્ચેના સકારાત્મક સંવાદનું પરિણામ છે.

થોડા સમય પહેલા NSUI ભાવનગર દ્વારા સંસ્થાના વિદ્યાર્થીઓને પડતી તકલીફો અને જરૂરી સુવિધાઓ અંગે એક વિગતવાર આવેદનપત્ર પ્રિન્સિપાલ શ્રી મીઠાપરા સાહેબને સુપરત કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલે આ આવેદનપત્રમાં ઉલ્લેખિત મુદ્દાઓને ગંભીરતાથી લઈને વિદ્યાર્થીઓના હિતમાં તાત્કાલિક પગલાં લીધા હતા. સૌથી મહત્વની બાબત એ છે કે, આ તમામ જરૂરી સુવિધાઓનું નિવારણ તેમણે પોતાના અંગત ખર્ચે પૂરું પાડ્યું હતું.

પ્રિન્સિપાલ સાહેબના આ ઉદાહરણરૂપ કાર્ય અને નિઃસ્વાર્થ સેવાભાવને બિરદાવવા માટે NSUI ભાવનગર અને ITI ટીમ દ્વારા તેમનો સન્માનપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

આ પ્રસંગે ભાવનગર યુથ કોંગ્રેસના અગ્રણી નેતાઓની હાજરી નોંધનીય રહી હતી. જેમાં યુથ કોંગ્રેસના મહામંત્રી ગિરિરાજસિંહ વાળા, ગુજરાતના મહામંત્રી અભિજીતસિંહ ચુડાસમાં, ભાવનગર શહેર પ્રમુખ ઋષિરાજસિંહ ગોહિલ, તળાજા તાલુકાના પ્રમુખ મિતરાજસિંહ ગોહિલ અને ITI પ્રમુખ યશપાલસિંહ રાણા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપાલ સાહેબની આ સરાહનીય કાર્યવાહીથી વિદ્યાર્થીઓ અને સંસ્થાના સ્ટાફમાં ખુશીની લાગણી જોવા મળી હતી, જેણે સંસ્થાકીય સહકારનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું છે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



## ઇડર: શ્રીનગર સોસાયટીના રહીશોની રજૂઆત બાદ દબાણ હટાવાયું

સાબરકાંઠાના ઇડર શહેરમાં શ્રીનગર સોસાયટી વિસ્તારમાં રસ્તાઓ પર દબાણ વધવાના કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આના નિવારણ માટે સ્થાનિક લોકોએ રેલી યોજી નાયબ કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરી હતી. નાયબ કલેક્ટરના નિર્દેશ બાદ પાલિકાના ચીફ ઓફિસર જેમીન ચૌધરીની આગેવાનીમાં ધુળેટા દરવાજાથી એપોલો ત્રણ રસ્તા અને શ્રીનગર સોસાયટી સુધીના તમામ દબાણો દૂર કરવામાં આવ્યા. દબાણ હટાવવાની કામગીરીથી રોડ ખુલ્લા થતાં ટ્રાફિક સમસ્યામાં અસ્થાયી રાહત મળી હતી. **રિપોર્ટ : જનક જાદવ**



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**